# અહેવાલ

**ખેરગામ કૉલેજમાં એક પેડ માં કે નામ અંતર્ગત 'વૃક્ષારોપણ કાર્યક્રમ' યોજાયો**

તા.૧૫/૦૭/૨૦૨૪

અત્રેની સરકારી વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, ખેરગામ, જિ.નવસારી ખાતે રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) વિભાગ અંતર્ગત તા.૦૧૫/૦૭/૨૦૨૪ ને સોમવારના રોજ કૉલેજના આચાર્યશ્રી ડૉ.સંજયકુમાર એમ. પટેલ સાહેબશ્રીના માર્ગદર્શન હેઠળ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

ગ્લોબલ વૉર્મિંગ અને ક્લાઇમેટ ચેન્જના કારણે સમગ્ર વિશ્વમાં જયારે પર્યાવરણ ઉપર ગંભીર અસરો જોવા મળી રહી છે ત્યારે પર્યાવરણના રક્ષણ માટે વૃક્ષોનું જતન અને સંવર્ધન અત્યંત જરૂરી બને છે. જે અંગે વડાપ્રધાન સાહેબશ્રીના એક પેડ માં કે નામ અભિયાન અંતર્ગત કૉલેજના સ્વયંસેવકો જાગૃત બને અને એક જાગૃત નાગરિક તરીકે પર્યાવરણનું રક્ષણ કરી દેશ સેવામાં પોતાનું યોગદાન આપી શકે એ હેતુસર અત્રેની કૉલેજના રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) વિભાગ દ્વારા આચાર્યશ્રી ડૉ. સંજયકુમાર એમ. પટેલ સાહેબશ્રીના માર્ગદર્શન હેઠળ કૉલેજમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં સમગ્ર કૉલેજ કેમ્પસમાં જાંબુ, દાડમ, સીતાફળ, જમરૂખ, આંબાની કલમ, કાજુ જેવા ફળાઉ વૃક્ષો, લીમડો, સાગ, આસોપાલવ, ગુલમહોર, સેવન જેવા મોટા વૃક્ષો તેમજ મીની તગરી અને ગુલાબ જેવા ફુલછોડ સહિત ૩૯૦ વૃક્ષો રોપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કૉલેજના આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબ, યુવા મોર્ચાના સામાજીક કાર્યકર્તાઓ ચેતન પટેલ, રીંકેશ આહીર, આતીશ પટેલ, ભાવીન પટેલ તથા તેઓની ટીમ તેમજ પ્રોગ્રામ ઓફિસરો પ્રો. અમિત પટેલ, ડૉ. યોગેશ ટંડેલ અને પ્રો. મેહુલ પટેલ સહિત ૯ ભાઇઓ અને ૭ બહેનો મળી કુલ ૧૬ સ્ટાફ મિત્રો તેમજ રાષ્ટ્રીય સેવા યોજનાના ૨૮ સ્વયંસેવકો અને ૬૩ સ્વયંસેવિકાઓ મળી કુલ ૯૧ સ્વયંસેવકોએ ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

GOVERNMENT ARTS, COMM. & SCI. COLLEGE KHERGAM सत्यमेव जयते

15/7/2024

Principal,
Govt. Arts, Commerce & Science College
Khergam, Dist. Navsari.
Code No. : 630

Scanned with OKEN Scanner

દિવ્ય ભાસ્કર
નવસારી 16-07-2024

# ખેરગામ કોલેજમાં એક પેડ માં કે નામ અંતર્ગત 390 વૃક્ષ રોપવામાં આવ્યા



**ખેરગામ ।** વડાપ્રધાનના એક પેડ માં કે નામ અભિયામ અંતર્ગત કોલેજના સ્વયંસેવકો જાગૃત બને અને એક જાગૃત નાગરિક તરીકે પર્યાવરણનું રક્ષણ કરી દેશસેવામાં પોતાનું યોગદાન આપી શકે એ હેતુસર ખેરગામની કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.) વિભાગ દ્વારા આચાર્ય ડો. સંજયકુમાર પટેલના માર્ગદર્શન હેઠળ કોલેજમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં ફુલછોડ સહિત 390 વૃક્ષો રોપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડો.એસ.એમ.પટેલ, યુવા મોર્ચાના સામાજીક કાર્યકર્તાઓ ચેતન પટેલ, રીંકેશ આહીર, આતીશ પટેલ, ભાવિન પટેલ તથા તેઓની ટીમ તેમજ પ્રોગ્રામ ઓફિસરો પ્રો. અમિત પટેલ, ડો. યોગેશ ટંડેલ અને પ્રો. મેહુલ પટેલ સહિત સ્વયં સેવકોએ સહયોગ આપ્યો હતો.

Scanned with OKEN Scanner

દિવ્ય ભાસ્કર
વાપી ભાસ્કર 16-07-2024

# ખેરગામ કૉલેજમાં વૃક્ષારોપણ કરાયું



**ખેરગામ** | ગ્લોબલ વોર્મિંગ અને કલાઈમેટ ચેન્જના કારણે સમગ્ર વિશ્વમાં જ્યારે પર્યાવરણ ઉપર ગંભીર અસરો જોવા મળી રહી છે ત્યારે પર્યાવરણના રક્ષણ માટે વૃક્ષોનું જતન અને સંવર્ધન અત્યંત જરૂરી બને છે. જે અંગે વડાપ્રધાનના એક પેડ માઁ કે નામ અભિયામ અંતર્ગત કોલેજના સ્વયંસેવકો જાગૃત બને અને એક જાગૃત નાગરિક તરીકે પર્યાવરણનું રક્ષણ કરી દેશ સેવામાં પોતાનું યોગદાન આપી શકે એ હેતુસર અત્રેની કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) વિભાગ દ્વારા આચાર્ય ડૉ. સંજયકુમાર એમ. પટેલના માર્ગદર્શન હેઠળ કોલેજમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ફુલછોડ સહિત ૩૯૦ વૃક્ષો રોપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડૉ.એસ.એમ.પટેલ, યુવા મોર્ચાના સામાજીક કાર્યકર્તાઓ ચેતન પટેલ, રીંકિશ આહીર, આતીશ પટેલ, ભાવીન પટેલ તથા તેઓની ટીમ તેમજ પ્રોગ્રામ ઓફિસરો પ્રો. અમિત પટેલ, ડૉ. યોગેશ ટંડેલ અને પ્રો. મેહુલ પટેલ સહિત સ્વયં સેવકોએ સહયોગ આપ્યો હતો.

Scanned with OKEN Scanner